જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૨/૧૦/૨૦૨૧ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૯૨૧/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૧/૧૦/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૭૦૮	૦	૧૧૭૦૮	૧૭૮૧૮	૦	૧૭૮૧૮
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૩	૦	૪૭૩૩	૬૨૮૨	૦	૬૨૮૨
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૧૬	૦	૧૧૬	૩૯૩	૦	૩૯૩
૪	**Disaster Management Act 2005** હેઠળના ગુન્હાઓ	૭૨૮૧૧	૩૮	૭૨૮૪૯	૭૩૮૪૬	૪૧	૭૩૮૮૭
કુલ		૮૯૩૬૮	૩૮	૮૯૪૦૬	૯૮૩૩૯	૪૧	૯૮૩૮૦

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૫૩	૪,૬૮,૬૫૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૫૧૮	૫,૧૮,૦૦૦/-

વાહન ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

રાણીપ પોલીસ સ્ટેશન

રાણીપ પોલીસ સ્ટેશનના પોલીસ દ્વારા નાઇટ પેટ્રોલીંગમા ચોરીના મોટર સાયકલ સાથે રીઢા આરોપીને પકડી પાડતી રાણીપ પોલીસ

મે.પોલીસ.કમિશ્નર સાહેબ શ્રી અમદાવાદ શહેર તથા મે.સંયુક્ત પોલીસ.કમિશ્નર સાહેબ શ્રી સેક્ટર ૦૧ અમદાવાદ શહેર તથા મે ના.પોલીસ.કમિશ્નર સાહેબ શ્રી ઝોન ૦૨ કારંજ ભવન અમદાવાદ શહેર તથા મે.મ.પો.કમિ.સા.શ્રી.એલ.ડિવિઝન અમદાવાદ શહેર નાઓ તમામ ઉપરી અધિકારી શ્રીઓની જરૂરી સુચના મુજબ પોલીસ ઇન્સપેક્ટર શ્રી જે.બી.ખાંભલા રાણીપ પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર નાઓની જરૂરી સુચના તેમજ સીધા માર્ગદર્શન હેઠળ અ.હેડ.કોન્સ ખુમાનસિંહ હિમ્મતસિંહ બ.નં-૫૨૧૦ તથા અ.હેડ.કોન્સ. અજયકુમાર ચંદુલાલ બ.નં-૪૫૩૪ તથા અનાર્મ લોકરક્ષક પિયુષકુમાર દિપકભાઇ બ.નં-૧૧૭૯૦ નાઓ તમામ માણસો સાથે પેટ્રોલીંગ દરમ્યાન રાણીપ વિકાસ પાન પાર્લર ત્રણ રસ્તા પાસે આવતા અ.હેડ.કોન્સ ખુમાનસિંહ હિમ્મતસિંહ બ.નં-૫૨૧૦ નાઓની ખાનગી બાતમી હકીકત આધારે આરોપી દર્શન ઉર્ફે ટિટુ સ/ઓફ અશ્વિનભાઇ અમરતભાઇ જાતે.સોની ઉ.વ.૨૩ ધંધો.બેકાર રહે. ૭, ભગવતીનગર વિરચંદ વિલાસ પેલેસ પાટણ નાને તારીખ ૨૧/૧૦/૨૦૨૧ ના કલાક ૦૪/૪૫ વાગ્યે CRPC કલમ ૪૧(૧)(ડી) મુજબ પકડી અટક કરી આરોપી પાસેથી મુદ્દામાલ એક પલ્સર મોટર સાયકલ કાળા કલરનુ જેનો આર.ટી.ઓ રજીસ્ટ્રેશન નંબર GJ27DF0446 ૧૫૦cc નું જેનો એન્જિન નંબર જોતાં DHYCKG68564 તથા ચેસિસ નંબર MD2A11CY8KCG45082 જેઓ લખેલ વંચાય છે તે ચાવી સાથેનું ચાલુ હાલતનું જેની કિમત રૂપિયા ૫૦,૦૦૦ ગણી શકાય તે CRPC કલમ ૧૦૨ મુજબ પંચનામા વિગતે તપાસ અર્થે કબ્જે કરી કાલુપુર રેલ્વે પોલીસ સ્ટેશન પાર્ટ એ ગુ.ર.નં ૧૧૯૯૪૦૦૧૨૧૦૮૨૮/૨૦૨૧ IPC કલમ ૩૭૯ મુજબનો ગુનાનો ચોર તથા મુદ્દામાલ સાથે શોધી કાઢી સારી કામગીરી કરેલ છે.તારીખ ૨૨/૧૦/૨૦૨૧



પાસા અટકાયતની વિગત

નરોડા પોલીસ સ્ટેશન

વાહન ચોરીના ગુનાના આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી નરોડા પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જી" ડીવીઝન નાઓના માર્ગદર્શન હેઠળ તેમજ પોલીસ ઇન્સ્પેકટર શ્રી નાઓની સુચના મુજબ (૧) નરોડા પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૫૨૧૧૪૭૪/૨૦૨૧ ઇ.પી.કો કલમ ૩૭૯ મુજબ (૨) નરોડા પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૧૯૧૦૩૫૨૧૧૪૯૧/૨૦૨૧ ઇ.પી.કો કલમ ૩૭૯ મુજબ (૩) નરોડા પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૧૯૧૦૩૫૨૧૧૫૦૮/૨૦૨૧ ઇ.પી.કો કલમ ૩૭૯ મુજબ (૪) બાપુનગર પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૧૯૧૦૦૭૨૧૧૬૪૮/૨૦૨૧ ઇ.પી.કો કલમ ૩૭૯ મુજબ (૫) નરોડા પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૧૯૧૦૩૫૨૧૧૫૨૧/૨૦૨૧ ઇ.પી.કો કલમ ૩૭૯ મુજબ (૬) કૃષ્ણનગર પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૧૯૧૦૧૩૨૧૧૨૬૩/૨૦૨૧ ઇ.પી.કો કલમ ૩૭૯ મુજબ (૭) નરોડા પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૫૨૧૧૮૬૨/૨૦૨૧ ઇ.પી.કો કલમ ૩૭૯ મુજબના ગુના દાખલ થયેલ જે આરોપી વિરુધ્ધ આધાર રેકર્ડ તૈયાર કરી તેના વિરુધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓ તરફ મોકલી આપતા મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના ક્રમાંક:પીસીબી/ડીટીએન/પાસા/૫૭૫/૨૦૨૧ તા-૨૧/૧૦/૨૦૨૧ ના હુકમ આધારે સદરી આરોપીને તા-૨૧/૧૦/૨૦૨૧ ના કલાક-૧૭/૩૦ વાગે પાસા હુકમની બજવણી કરી પાસા હેઠળ અટકાયત કરી મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.તા-૨૧/૧૦/૨૦૨૧

આરોપીનુ નામ -

મનોજ દર્શનલાલ શર્મા ઉ.વ.૪૫ હાલ રહે.મ.નં.૨૫, સારથી રો-હાઉસ, માનસી કોમ્પલેક્ષની બાજુમાં, પાર્શ્વનાથ ટાઉનશીપ, કૃષ્ણનગર, અમદાવાદ મુળ રહે. ૧૯૧, યમુનાનગર પાર્ક, આદિનાથનગરની બાજુમાં, ઓઢવ, અમદાવાદ

કામગીરી કરનાર અધિકારી / કર્મચારી

સર્વેલન્સ સ્કોડ પો.સ.ઇ. એ.એમ.પટેલ તથા સર્વેલન્સ સ્કોડ સ્ટાફ તથા પી.આઇ. પર્સનલના એ.એસ.આઇ.યોગેશભાઇ સેમ્યુલભાઇ તથા હે.કો. વિરેન્દ્રસિંહ ભગવાનસિંહ બ.નં.૩૫૦૪ તથા પો.કો. જયેન્દ્રસિંહ શંકરજી બ.નં. ૮૩૩૭ પો.કો. કિર્તનસિંહ વિક્રમસિંહ બ.નં.૯૬૪૯



શહેરકોટડા પોલીસ સ્ટેશન

શરીર સબંધી ગુનાની પ્રવૃત્તિ સાથે સંકળાયેલ આરોપીની પાસા હેઠળ અટકાયત કરતી શહેરકોટડા પોલીસ

મે.પોલીસ કમીશ્નર શ્રી અમદાવાદ શહેરનાઓની તથા સંયુક્ત પો.કમિ.શ્રી સેક્ટર-૧ સાહેબની સુચના આધારે તેમજ ના.પો.કમી.શ્રી ઝોન-૩ સાહેબ તથા મ.પો.કમી.શ્રી ડી-ડીવીઝન અમદાવાદ શહેરના માર્ગદર્શન હેઠળ શહેરકોટડા પોલીસ સ્ટેશનના સિનીયર પો.ઈન્સ. કે.બી.સાંખલા તથા સે.પો.ઇન્સ ડી.બી.ડાભી નાઓની સુચના આધારે સ્ટાફના માણસો દ્વારા આરોપીને પકડી લાવતા વિકાસ ઉર્ફે ભોપો રાજુભાઇ પટણી ઉ.વ.૨૦ રહે, પંડિતનગરના છાપરા, ભગવતીનગર પાસે સરસપુર અમદાવાદ શહેર નાઓની વિરુધ્ધમાં (૧) શહેરકોટડા પો.સ્ટે. પાર્ટ-એ ગુ.ર.નં.૧૧૧૯૧૦૪૧૨૦૦૦૧૩/૨૦૨૦ ઈપીકો ૩૫૪(બી), ૩૨૪, ૩૨૩, ૪૫૨, ૩૩૭, ૨૯૪(ખ), ૪૨૭, ૧૧૪ તથા જી.પી.એક્ટ કલમ ૧૩૫(૧) મુજબ તથા નં.(૨) શહેરકોટડા પો.સ્ટે. પાર્ટ-એ ગુ.ર.નં.૧૧૧૯૧૦૪૧૨૧૦૯૪૦/૨૦૨૧ ઈપીકો ૩૨૬, ૩૨૩, ૨૯૪(ખ), ૧૧૪ તથા જી.પી.એક્ટ કલમ ૧૩૫(૧) મુજબના ગુનામાં મે.પો.કમિ.શ્રી અમદવાદ શહેર ના પાસા અટકાયતી હુકમ ક્રમાંક-પીસીબી/ડીટીએન/પાસા/૫૭૬/૨૦૨૧ તા.૨૧/૧૦/૨૦૨૧ ના રોજ પાસા હુકમ થયેલ હોય આરોપીને તા.૨૧/૧૦/૨૦૨૧ ના કલાક ૨૦/૦૦ વાગે પાસા હુકમની બજવણી કરી આરોપીને મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.



નશાબંધી ધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૯૨૨/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૨ કેસ કરી, ૪૧ વ્યક્તિઓને ઝડપી, ૧૬૦ લીટર દેશી દારૂ, ૨૩ બોટલ ઈંગ્લીશ દારૂ, ૩૮ બિયર ટીન અને ૧ મોટર સાયકલ કબજે કર્યું હતુ.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૯૨૩/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૮૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૮ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૧૯૨૪/૨૦૨૧**

નારણપુરાઃ કાર્તિક સ/ઓ કૈલાસચંદ્ર મુંદડા (ઉ.વ.૨૮) (રહે. હરીપાર્ક સોસાયટી અંકુર ક્રોસ રોડ નારણપુરા) એ તા.૨૧/૧૦/૨૦૨૧ ના રોજ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૮/૦૬/૨૦૨૧ થી તા.૨૨/૦૯/૨૦૨૧ સુધીના સમયગાળા દરમ્યાન મોબાઇલ નંબર ૮૧૦૮૯૭૧૯૫૨ ના ધારકે “DELTA FX ROBO” નામની કંપનીમાંથી વાત કરતા હોવાની ઓળખ આપી ઓટો ટ્રેડીંગ સોફ્ટવેરમા ઓનલાઇન ઇન્વેસ્ટમેન્ટ કરતા દિવસના ૩ થી ૧૯ ટકા સુધીનો નફો આપવાની વાત કરી વિશ્વાસમાં લઈ કાર્તિક મુંદડા પાસે રૂપિયા ૮૧,૭૯૧/- તથા સાહેદ પાસેથી રૂપિયા ૭૩,૫૩૨/- મળી કુલ રૂપિયા ૧,૫૫,૩૨૩/- ઓન લાઇન ટ્રાન્સફર કરાવી મેળવી લઈ નફો કે આપેલ પૈસા નહી આપી છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એ.જી.જાદવ ચલાવે છે.

નરોડાઃ પ્રતિકભાઇ મહેન્દ્રભાઇ શુક્લ (ઉ.વ.૪૭) (રહે. મારૂતિ હોમ્સ ન્યુ શાહીબાગ નાના ચિલોડા નરોડા) એ તા.૨૧/૧૦/૨૦૨૧ ના રોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૨/૦૩/૨૦૨૧ થી તા.૨૮/૦૬/૨૦૨૧ સુધીના સમયગાળા દરમ્યાન નરોડા રેલ્વે ક્રોસીગ પાસે આવેલ સ્ટાર લાઇન કંપની ખાતે નોકરી કરતા આરોપી રૂપેશ ઘનશ્યામભાઇ શર્મા (રહે કમલપાર્ક સોસાયટી ઓઢવ) એ નોકરીના સમયગાળા દરમ્યાન ગાડીઓ લેવા આવતા ગ્રાહકો પાસેથી ગાડીઓ પેટે લીધેલા નાણા પૈકી રૂપિયા ૩,૪૧,૦૦૦/- કંપનીમા જમા નહી કરવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.એમ.ઠાકોર ચલાવે છે.

ઘરફોડઃ- **સમાચાર યાદી નં.૧૯૨૫/૨૦૨૧**

સરખેજઃ જીગરભાઈ અજીતભાઈ સંઘવી (રહે.શ્રીકિષ્ણાનગરી ફલેટ બકેરી સીટી રોડ એસ.બી.આઈ.બેંકની બાજુમાં વેજલપુર) એ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૦/૧૦/૨૦૨૧ સાંજના ૭/૧૫ થી તા.૨૧/૧૦/૨૦૨૧ સવારના ૧૦/૦૦ વાગ્યા દરમ્યાન સરખેજ ઉજાલા સર્કલ નજીક ઉજાલા ઓવર બ્રિજની બાજુમાં સોમનાથ સોસાયટીમાં આવેલ નવકાર વોટર સોલ્યુશન.પ્રા,લી,નામની પાણીના આર.ઓ.ફીલ્ટરના પાટર્સના ગોડાઉનનુ શટર ઉંચુ કરી અજાણી વ્યક્તિ ગોડાઉનમાં પ્રવેશ કરી ગોડાઉનની ઓફિસમાંથી રેડમી કંપનીનો મોબાઇલ ફોન કિમત રૂપિયા ૨,૦૦૦/- અને રોકડ રૂપિયા ૩૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૩૭,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.સી.ઝાલા ચલાવે છે.

સોનાનુ મંગળસુત્ર ખેચી ઝુટવી લઈ ગયાઃ- **સમાચાર યાદી નં.૧૯૨૬/૨૦૨૧**

રાણીપઃ સુશીલાબહેન વા/ઓ બાબુલાલ ભંસાલી (ઉ.વ.૫૫) (રહે. હરભોલે સોસાયટી ધનંજયવિલાની બાજુમાં કેશવનગર સુભાષબ્રીજ રાણીપ) તા.૨૧/૧૦/૨૦૨૧ સાંજના ૭/૪૫ વાગ્યાના સુમારે રાણીપ સુભાષબ્રીજ આદિત્ય હાઈટસમાં આવેલ પારસ મેડીકલ દુકાન સામેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક વાદળી રંગના ડિસ્કવર મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ સુશીલાબહેન ભંસાલીના ગળામાંથી સોનાનુ મંગળસુત્ર પેડલ સાથે કિમત રૂપિયા ૭૦,૦૦૦/- ખેચી ઝુંટવી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ સુશીલાબહેન ભંસાલીએ રાણીપ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.એન.સોલંકી ચલાવે છે.

ચોથા માળથી પડી જતા મૃત્યુઃ- **સમાચાર યાદી નં.૧૯૨૭/૨૦૨૧**

ચાંદખેડાઃ ચાંદખેડા પંચશ્લોક ચોકડી આમ્રકુંજ બિઝનેશ સેન્ટર નામની નવી સાઈટ પર રહેતા અને ત્યા જ મજુરી કામ કરતા જીતેન્દ્રભાઇ બાબુભાઇ કટારા (ઉ.વ.૧૯) (મુળ વતન. ગામ-બોડમલી તા-ચીખલી જી-ડુંગરપુર રાજસ્થાન) તા.૨૧/૧૦/૨૦૨૧ બપોરના ૪/૦૦ વાગ્યાના સુમારે સાઈટના ચોથા માળે સજા ઉપરથી કડીયા કામ કરતા હતા ત્યારે સજુ તુટી જતા નીચે પડી જતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને ચાંદખેડા સત્યમેવ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી મહેન્દ્ર ભગવાનરાવ ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૧૯૨૮/૨૦૨૧**

રિવરફ્રન્ટ વેસ્ટઃ ઉદયસિંહ ઉર્ફે વિનોદ હોથીરામ મહોર (ઉ.વ.૨૯) (રહે. પટેલ વાસ ચામુંડા ચોક વાસણા ગામ) એ અગમ્ય કારણસર તા.૨૧/૧૦/૨૦૨૧ કલાક ૭/૩૦ વાગ્યાના સુમારે કુલ બજાર જમાલપુર બ્રિજ પાસે રિવરફ્રન્ટ વોક-વે રેમ્પ નજીક નદીમાં પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રન્ટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી જગદિશચંદ્ર આત્મારામ ચલાવે છે.

નરોડાઃ અંકિતાબા વા/ઓ મનહરસિંહ ચાવડા (ઉ.વ.૩૪) (રહે.ઝવેરીની ચાલી ધનુષધારી મંદીર પાછળ ડાહ્યાભાઇ મુખીની ચાલી નરોડા) એ અગમ્ય કારણસર તા.૨૧/૧૦/૨૦૨૧ કલાક ૧/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતમાં લગાવેલ હુકમાં દોરડું બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી કે.બી.રાઠોડ ચલાવે છે.

રામોલઃ ગૌરાંગ નંદકુમાર પાઠક (ઉ.વ.૬૦) (રહે. માતૃ સાનિધ્ય એક્સપ્રેસ હાઇવેની બાજુમાં ન્યુ મણીનગર) એ અગમ્ય કારણસર તા.૧૮/૧૦/૨૦૨૧ રાતના ૮/૦૦ થી તા.૨૦/૧૦/૨૦૨૧ રાતના ૮/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે પંખાના હુકમાં ધોતી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી કાળુભાઇ ભુરાભાઇ ચલાવે છે.

નારોલઃ સંજુ ડો/ઓ કમલેશભાઇ રાજભર (ઉ.વ.૧૪) (રહે. કાર્તિકનગર હાઇ ફાઇ ચાર રસ્તા પાછળ નારોલ) એ અગમ્ય કારણસર તા.૨૧/૧૦/૨૦૨૧ કલાક ૧૨/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આર.આર.અમલીયાર ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.